જીગર Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com



# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 01 DATE: 01- 04 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ બારસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


## AWMA ની CCA માટે ગાંધીનગરમાં આમરણાંત ઉપવાસ ઉપર બેઠેલા અંકલેશ્વરના ઉદ્યોગકારોએ મંત્રીના આશ્વાસનથી પારણાં કર્યા



તારીખ ૩૦ મી માર્ચે અંકલેશ્વરના ઉદ્યોગકારો દ્વારા ગાંધીનગરમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સામે શરૂ કરાયેલ આમરણાંત ઉપવાસ આંદોલનમાં દિવસ આથમે તે પહેલા મહત્વપૂર્ણ તબક્કો આવ્યો હતો અને સ્થાનિક અંકલેશ્વર-હાંસોટના ધારાસભ્ય તથા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલના અનુરોધ બાદ ઉપવાસી ઉદ્યોગપતિઓએ આગામી ગુરુવાર (૨ જી એપ્રિલ) સુધી હડતાલ અને ઉપવાસ મુલતવી રાખવાનો નિર્ણય કર્યો હતો અને પારણા કર્યા હતા.

AWMA ની ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) પાસે કરાયેલી CCA મંજૂરીની અરજીમાં થતા લાંબા વિલંબને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ હતી. જિલ્લા કલેકટર, ગાંધીનગર આવેદનપત્ર પાઠવી તાત્કાલિક હસ્તક્ષેપ અને માર્ગદર્શન આપવા માંગ કરાઈ હતી.

પ્રોજેક્ટનું બાંધકામ અને મશીનરી સ્થાપન પૂર્ણ થઈ ગયું છે. તેમ છતાં આજ સુધી મંજૂરી આપી નથી, જેના કારણે પ્રોજેક્ટ કાર્યરત થઈ શક્યો નથી. ઉદ્યોગકારોનો આક્ષેપ છે કે તમામ દસ્તાવેજો અને જરૂરી પ્રક્રિયા પૂર્ણ હોવા છતાં વિલંબ થઈ રહ્યો હોવાનું ઉદ્યોગકારો જણાવી રહ્યા છે.


રમેશભાઈ ગાબાણીએ પારણાં કર્યા પછી જણાવ્યું હતું કે અંકલેશ્વરના ધારાસભ્ય અને ગુજરાત સરકારના મંત્રી ઈશ્વરસિંહ પટેલનો ફોન આવ્યો હતો અને તેમને હકારાત્મક કરી પ્રશ્ન ઉકેલવાની ખાતરી આપી છે. તેમનું માન રાખીને અમે ઉપવાસ આંદોલન પૂર્ણ કર્યું છે.

મહેશ પટેલે જણાવ્યું હતું કે ઈશ્વરભાઈ પટેલ અને પર્યાવરણ મંત્રી અર્જુનસિંહ મોઢવાડીયાએ હકારાત્મક અભીગમ રાખી પ્રશ્નના ઉકેલની ખાતરી આપી છે. તેમજ નોટિફાઈડના ભાજપના પ્રમુખ જય તેરૈયા અને પૂર્વ પ્રમુખ જશુભાઈ ચૌધરી જેઓ AWMA ના ડાયરેકટર પણ છે. તે ટીમ પણ સાથે રહી સહકાર આપ્યો હોવાનું જણાવ્યું હતું.ખાસ તો ૩૧ મી એ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ગુજરાતની મુલાકાતે આવ્યા હતા.


M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485


## GPCB દ્વારા નર્મદા કલીન ટેકને તેની ક્ષમતા 40 MLD થી વધારીને 70 MLD કરવાની CTE મંજૂરી આપવામાં આવી





KANTIYAJAL BUSTER PUMPING STATION

અંકલેશ્વરની નર્મદા ક્લીન ટેક અંકલેશ્વર અને પાનોલીના કેમિકલ ઉદ્યોગોની જીવાદોરી છે. તેને અત્યારે ટ્રીટેડ એફલુઅન્ટ 40 MLD ની વહન ક્ષમતાની મંજૂરી છે. તેની વહન ક્ષમતા 70 MLD સુધી વધારવાની CTE (Consent to Establish) આપવામાં આવી છે. જો કે તેમાં CRZ માંથી મંજૂરી લેવી જરૂરી છે.

નર્મદા ક્લીન ટેક અંકલેશ્વર અને પાનોલીના ઉદ્યોગોના ટ્રીટેડ એફલુઅન્ટને ફાઇનલ ટ્રીટમેન્ટ આપીને પાઈપલાઈન દ્વારા કંટીયાજાળ ખાતે આવેલ બસ્ટર પમ્પીંગ સ્ટેશનમાં મોકલવામાં આવે છે. જેની ક્ષમતા 75 MLD ડિસ્ચાર્જની છે.

નર્મદા ક્લીન ટેકને તેના પ્લાન્ટની ક્ષમતા વધારવાની CTE મંજૂરી મળતા ઉદ્યોગ આલમમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. જો કે હજુ આગળની મંજીલ ખુબ લાંબી છે. ત્યાં સીધી પહોંચવા માટે ભારે સંઘર્ષ કરવો પડશે.

નર્મદા કલેન ટેકની લાંબી માંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને બીજી સંસ્થાઓની અનેક રજૂઆતો પછી CTE મેળવવામાં ઉદ્યોગોને સફળતા મળી છે. અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલ જેઠવાએ જણાવ્યું હતું કે જીપીસીબીના ચેરમેન આર.બી.બારડ અને મેમ્બર સેક્રેટરી દેવાંગ ઠાકરની દીર્ઘ દ્રષ્ટિને લઈને 70 MLD ની CTE મેળવવામાં સફળતા મળી છે. તેમને જીપીસીબીના પ્રાદેશિક અધિકારી ડો.અગ્રાવત અને હેડ ઓફિસ આર.ઓ. જે. એમ. મહિડાનો પણ આભાર માન્યો હતો.

જયારે એઆઈએ ના એન્વાયમેન્ટ કમિટીના ચેરમેન વાલમજી દેસાઈએ જણાવ્યું હતું કે NCT ને વિસ્તરણ માટે CTE મળતા ઉદ્યોગ આલમમાં હર્ષની લાગણી છે. આ પ્લાન્ટ અંકલેશ્વર અને પાનોલીના ઉદ્યોગો માટે ખુબ અગત્યનો છે. તેનાથી EC મેળવવાની પ્રક્રિયાનો રસ્તો ખુલ્લો થયો છે. આગળની પ્રક્રિયાના ભાગરૂપે દરિયામાં 105 MLD ડિસ્ચાર્જ કરવા માટે ઝઈઢ મંજૂરી માટેની પ્રોસેસ કરવામાં આવશે.

EC મળ્યા પછી કંટીયાજાળ ખાતે આવેલ બુસ્ટર પમ્પીંગ સ્ટેશનનું વિસ્તરણ કરી તેની ક્ષમતા 105 MLD સુધી વધારવી પડશે. ૧૯ વર્ષ જૂની પાઇપલાઇનોને 70 MLD વહન કરી શકે તે માટે જે કરવું પડે તે કરવું પડશે. અંકલેશ્વર ક્રિટિકલ પોલ્યૂશન ઝોનમાં છે તે ટેગ હટાવવા માટે પ્રયાસો કરવા પડશે. તેમજ ૧૮-બી ને પણ હટાવવા પ્રયાસ કરવા પડશે. ખાસ તો અંકલેશ્વર એસ્ટેટનો વાયુ પ્રદૂષણનો લોડ વધી ન જાય તેની કાળજી રાખવી પડશે.


ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
GMP REACTOR
STORAGE VESSELS &TANKS
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

Bureau Veritas India Pvt. Ltd.
Reliable | Accurate | Compliant with Standards
Kumar Padharia
+91 903 348 8969
Our Specialized Services:
- DISH Approved Structural Stability Certification
- Fire-Damaged Structure Assessment
- Structural Audit (RCC & Steel Plants) – As per Factory Act
- Repair, Rehabilitation & Restoration Solutions
- Stability Assessment – Crane, EOT, Warehouse, etc.
- NDT Testing | Geotechnical Investigation | Pile Testing
Contact us for Expert Inspection, Testing & Certification Services.
Vadodara | Bharuch
E-mail: kumar.padharia@bureauveritas.com | kumarpdhr88@gmail.com

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal
+91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

# તંત્રીલેખ

## સામાન્ય નાગરિકની ઉપાધિ

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધથી ઉદભવેલી કટોકટી ફેલાતી જાય છે તેમ, એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે સામાન્ય લોકો સૌથી વધુ પ્રભાવિત થશે. ચીજવસ્તુઓના ભાવમાં ઝડપી વધારાને કારણે ઘણા લોકો રોજિંદા જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરતા વિચારી રહ્યા છે કે યુદ્ધ ક્યારે સમાપ્ત થશે અને સામાન્ય સ્થિતિ ક્યારે પાછી આવશે. બીજી તરફ અનિયંત્રિત અફવાઓને સરકારે માંડ માંડ વાસ્તવિકતાઓથી અંકુશમાં રાખી છે. વડાપ્રધાને તેમના ભાષણમાં કોરોના જેવા ભયાવહ શબ્દનો પ્રયોગ કર્યો એનાથી લોકડાઉન સહિતની ભ્રમણાઓને ગતિ મળી ગઈ.

સામાન્ય સ્થિતિ જાળવી રાખવી, ખાસ કરીને પેટ્રોલ, ડિઝલ અને રસોઈ ગેસની ઉપલબ્ધતા અંગેની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સરકારની ટોચની પ્રાથમિકતા છે, સારું છે કે પાંચ વિધવિધ વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. એનડીએ સરકારની એ પ્રમુખ લાક્ષણિકતા છે કે ચૂંટણીઓ જ એને પ્રજાહિત તરફ એકાગ્ર રાખે છે. વન નેશન વન ઈલેક્શન બહુ સારી વાત છે, પણ તો પછી જે-તે સરકારને પ્રજાહિતનો વિચાર કરવાનો મોકો પણ પંચવાર્ષિક થઈ જવાનો ભય રહેશે. ભારતમાં હાલ તો પેટ્રોલ ડિઝલના ભાવની તુલા જાળવવવા એક પગલું ભરતા, સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં દસ રૂપિયાનો ઘટાડો કર્યો છે. જ્યારે આનાથી ફક્ત ઓઈલ કંપનીઓને રાહત મળશે, તો એવી પણ આશા રાખી શકાય છે કે સામાન્ય જનતા માટે ઉપલબ્ધ પેટ્રોલ અને ડીઝલના ભાવ હાલ પૂરતા સ્થિર રહી શકે છે.

જોકે, ઈરાન પર ઇઝરાયલ અને અમેરિકાના હુમલા બાદ વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઇલ સપ્લાયમાં વિક્ષેપ પડવાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વૈશ્વિક ઉછાળો આવ્યો છે. ભારત સામે આ કટોકટી વચ્ચે સામાન્ય માણસને રાહત આપવા માટે પગલાં લેવાનો પડકાર પણ છે. પાડોશી દેશ પાકિસ્તાનમાં તો પેટ્રોલના ભાવ લીટરે પાંચ હજાર રૂપિયાને કૂદી ગયા છે. જોકે એની કરન્સી પણ નિર્માલ્ય થઈ ગઈ છે. એ દેશ આખો અંદરથી ખલાસ થઈ ગયો છે. રાષ્ટ્ર તરીકે એને ઈચ્છામૃત્યુનું વળગણ છે એટલે જ અપરાધીઓનું વૈશ્વિક રેસ્ટહાઉસ આજે પાક ગણાય છે.

એક્સાઇઝ ડ્યુટીમાં ઘટાડો પેટ્રોલ અને ડીઝલના ખુલ્લા બજાર ભાવોને સ્થિર કરવામાં મદદ કરી શકે છે, પરંતુ હાલમાં વાસ્તવિક સમસ્યા ઉપલબ્ધિની છે. દેશભરમાંથી મળેલા અહેવાલો દર્શાવે છે કે લોકોને પેટ્રોલ અને ડીઝલ મેળવવામાં અસંખ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કટોકટી વધુ વણસશે તે ડરથી, વધારાના પેટ્રોલ અને ડીઝલ ખરીદવાની દોડ પણ જોવા મળી રહી છે. બીજી તરફ, રસોઈ ગેસ સિલિન્ડરના પુરવઠામાં વિક્ષેપના પ્રમાણથી વ્યાપક ચિંતા ફેલાઈ છે. ઘણા લોકો પાસે રસોઈ ગેસ ખતમ થઈ ગયો છે, અને એજન્સીઓમાં તેની ઉપલબ્ધિ અત્યંત મર્યાદિત છે.

સરકાર જાહેરમાં ખાતરી આપી રહી છે કે ગભરાવાની જરૂર નથી, કારણ કે દેશમાં પૂરતા પ્રમાણમાં તેલ અને ગેસ ભંડાર છે. સરકારે ક્રૂડ ઓઈલ ખરીદવા માટે અન્ય વિકલ્પો પણ શોધી લીધા છે, પરંતુ પરિસ્થિતિ એવી છે કે LPG સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે, તેને મેળવવા માટે જરૂરી સમય વધારવામાં આવ્યો છે, અને કોમર્શિયલ સિલિન્ડરનો પુરવઠો પણ મર્યાદિત કરવામાં આવ્યો છે. આમ છતાં, ઘણા લોકો માટે LPG સિલિન્ડર મેળવવું એક મોટો પડકાર બની ગયો છે. સિલિન્ડરોના કાળાબજાર અને સંગ્રહખોરીની ફરિયાદો પણ ઘણી જગ્યાએથી મળી છે. તેના જવાબમાં, પ્રધાનમંત્રીએ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાત કરી છે અને તેમને સંગ્રહખોરી અને કાળાબજાર સામે કડક કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

પરંતુ એ વાત ચોક્કસ છે કે જ્યાં સુધી સરકાર આ કટોકટી દરમિયાન વૈકલ્પિક પગલાં અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે રાજદ્વારી પ્રયાસો દ્વારા ઓઈલ અને ગેસના પુરવઠાને સામાન્ય બનાવવાની વ્યવસ્થા નહીં કરે, ત્યાં સુધી લોકોમાં આશંકાની સ્થિતિ ચાલુ રહેશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જે રીતે સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટી ઘટાડીને કંપનીઓને રાહત આપી છે, તેવી જ રીતે તે LPG સિલિન્ડરનો સરળ પુરવઠો સુનિશ્ચિત કરશે અને સામાન્ય લોકોની દૈનિક આવશ્યક ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણમાં રાખશે.

## વટવા એસ્ટેટમાં રૂપિયા ૨ કરોડના ખર્ચે આધુનિક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર બનાવાશે

ગુજરાતના જુના કેમિકલ એસ્ટેટમાંનું એક એવા વટવા GIDC વિસ્તારમાં આગ કે અકસ્માત જેવી દુર્ઘટનાઓ વખતે જાનહાનિ અને માલસામાનનું નુકસાન ઓછું કરવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. વટવા GIDC ફેઝ-૨માં અંદાજે રૂપિયા ૨ કરોડના ખર્ચે બે માળનું આધુનિક ઈમરજન્સી રિસ્પોન્સ સર્વિસિસ (ERS) સેન્ટર સ્થાપવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે અને ટૂંક સમયમાં AMC તથા વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA) વચ્ચે સમજૂતી કરાર (MOU) કરવામાં આવશે.


હાલમાં જશોદાનગર ફાયર સ્ટેશન વટવા GIDC થી આશરે ૫ કિમી દૂર હોવાથી, આગ જેવી ઘટનામાં ફાયર બ્રિગેડ પહોંચે ત્યાં સુધીનો સમય અત્યંત મહત્વનો બને છે. આ 'ગોલ્ડન અવર' દરમિયાન તાત્કાલિક પ્રાથમિક બચાવ કામગીરી શરૂ કરી શકાય તે માટે આ ERS સેન્ટર મહત્વપૂર્ણ સાબિત થશે.

રાજ્ય સરકાર પાસેથી જંત્રીના ૫૦ ટકા ભાવે જમીન મેળવી આગામી બે વર્ષમાં સેન્ટર કાર્યરત કરવાની યોજના છે. આ સેન્ટરના સંચાલન માટે વિશેષ સમિતિ રચવામાં આવશે, જેમાં વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતિનિધિઓ અને છસ્ઝ ફાયર વિભાગના અધિકારીઓનો સમાવેશ થશે. શરૂઆતમાં આ સેવા માત્ર વટવા GIDC વિસ્તાર પૂરતી મર્યાદિત રહેશે. ત્યારબાદ વ્યવસ્થા સુદ્રઢ બનતા નિયત ચાર્જ સાથે GIDC બહાર પણ સેવા આપવામાં આવશે. MOU દર ત્રણ વર્ષે નવીકરણ કરવામાં આવશે. વટવા વિસ્તારમાં આગ અથવા ઈમરજન્સી કોલ મળતા જ AMC ફાયર બ્રિગેડ દ્વારા કોલ ERS સેન્ટરને મોકલવામાં આવશે. ERS ટીમ ફર્સ્ટ રિસ્પોન્ડર તરીકે તાત્કાલિક સ્થળ પર પહોંચી કામગીરી શરૂ કરશે, ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમ જોડાશે. જોકે, સીધો કોલ મળતા AFES પોતાની કામગીરી યથાવત રાખશે.

## ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટો દ્વારા દરિયો ના બગાડો : કોંગ્રેસ

ગુજરાતમાં વિવિધ જગ્યાએ ઔદ્યોગિક વસાહતોનો ઝેરી કદડો-કેમિકલયુક્ત પાણી ઊંડા દરિયા સુધી પાઈપલાઈન મારફતે લઈ જઈ વહાવવા માટે કરોડો રૂપિયાના ખર્ચે ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટો હાલ ચાલી રહ્યાં છે. વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા જ્યારે કોંગ્રેસમાં હતા ત્યારે વિધાનસભામાં આ પ્રોજેક્ટો સામે ભારે વિરોધ કરતાં હતા, પણ હવે 'મેટર સબજ્યુડિસ' કહીને હાથ ખંખેરી રહ્યાં છે. તાજેતરમાં વિધાનસભામાં ડીપ-સી પ્રોજેક્ટ સંદર્ભનો પ્રશ્ન ચર્ચામાં આવ્યો ત્યારે કોંગ્રેસના નેતા તરફથી એવી રજૂઆત થઈ હતી કે, કરોડો રૂપિયા ખર્ચીને ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટો હાથ ધરાયા છે. આ પ્રદૂષિત કેમિકલયુક્ત પાણી-કડદો સ્થાનિક ધોરણે ટ્રીટમેન્ટ કરાયા બાદ આ પાણી ઉદ્યોગોને વાપરવા, બગીચાઓમાં છાંટવા ઉપયોગમાં લેવાવું જ જોઈએ, જો ઉદ્યોગકારો આ પાણી લેવાનો ઈનકાર કરતાં હોય અગર આ પાણી બગીચાઓમાં છંટકાવ ના થઈ શકતું હોય તો શા માટે દરિયામાં છોડીને દરિયાઈ જીવસૃષ્ટિને નુકસાન કરવામાં આવે?

જેતપુરના ટેક્સટાઈલ એકમોનું કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી છેક પોરબંદરના દરિયામાં ઠાલવવા માટે ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટ અત્યારે ચાલી રહ્યો છે. આ સંદર્ભે વન-પર્યાવરણ કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાએ એવું જણાવ્યું હતું કે, ખારવા સમાજ હાઈકોર્ટમાં ગયો હોઈ આ મેટર અત્યારે સબજ્યુડિસ હોઈ અહીં એની ચર્ચા થઈ શકે નહીં. કોંગ્રેસ નેતાએ એકથી વધુ વખત ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટ સામે વિરોધ દર્શાવ્યો હતો અને અર્જુન મોઢવાડિયાએ મેટર જ્યુડીશીયલનું રટણ કર્યે રાખ્યું હતું. રાજ્યમંત્રી ડૉ.જયરામ ગામિતે એવી વિગતો આપી હતી કે, અંકલેશ્વર અને સાયખાના ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટમાં રૂપિયા ૬૨૯.૫૩ કરોડનો જીઆઈડીસી દ્વારા અને જેતપુર પ્રોજેક્ટમાં રૂપિયા ૧૦૮.૩૮ કરોડનો જીડબ્લ્યુઆઈએલ દ્વારા ખર્ચ કરાયો છે.



## આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે વૈશ્વિક એગ્રોકેમિકલ ક્ષેત્રની અગ્રણી કંપની સાથે $150 મિલિયનનો સપ્લાય કરાર કર્યો

આરતી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે એક અગ્રણી સ્પેશિયાલિટી કેમિકલ્સ કંપનીએ વૈશ્વિક એગ્રો કેમિકલ ક્ષેત્રની અગ્રણી કંપની સાથે બહુ વર્ષીય સપ્લાય કરાર કર્યો છે. આ કરાર હેઠળ કંપની પાક સુરક્ષા ઉત્પાદનોમાં ઉપયોગ થતી એક મહત્વપૂર્ણ એગ્રો કેમિકલ ઈન્ટરમીડીયેટ સપ્લાય કરશે.

કંપનીએ જણાવ્યું કે અગાઉ નો વાર્ષિક વ્યવહાર હવે ૩૧ માર્ચ ૨૦૩૦ સુધીના સુવ્યવસ્થિત લાંબા ગાળાના કરાર માં રૂપાંતરિત થયો છે, જેમાં સપ્લાયના વોલ્યુમમાં નોંધપાત્ર વધારો થશે. આ કરારથી કુલ અંદાજે ૧૫૦ મિલિયન ડોલર જેટલી આવક થવાની શક્યતા છે.

AIL પાસે આ વધારેલા ઉત્પાદનની જરૂરિયાત પૂરી કરવા પૂરતી ક્ષમતા ઉપલબ્ધ છે, જેથી કોઈ વધારાના મૂડી રોકાણ (Capex) વગર જ ઉત્પાદન અને ક્ષમતા ઉપયોગમાં વધારો કરી શકાય. આ ઈન્ટરમીડીયેટ ઉપયોગ ગ્રાહક કંપની દ્વારા વૈશ્વિક કૃષિ બજાર માં પાક સુરક્ષા ઉત્પાદનો બનાવવા માટે કરવામાં આવશે.

આ વિકાસ અંગે કંપનીના CEO સુયોગ કોટેચાએ જણાવ્યું કે, આ કરાર આરતી ઈન્ડસ્ટ્રીઝ ની વૈશ્વિક એગ્રો કેમિકલ ક્ષેત્રમાં વિશ્વસનીય ભાગીદાર તરીકેની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. કંપનીની પ્રોસેસ કેમિસ્ટ્રીમાં નિપુણતા, ઈન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા અને વિશ્વસનીય સપ્લાય સોલ્યુશન્સ આપવાની ક્ષમતા તેને સ્પર્ધાત્મક બનાવે છે.

આ કરારથી કંપનીની લાંબા ગાળાની આવકમાં સ્થિરતા આવશે અને સ્પેશિયાલિટી કેમિકલ્સ ક્ષેત્રમાં મજબૂત અને ટકાઉ ભાગીદારી દ્વારા વિકાસને વધુ ગતિ મળશે.

## સાયખા GIDCમાં પશુ ચરાવવા પર પ્રતિબંધના અનામી બોર્ડથી લોકોમાં કુતુહલ

સાયખા GIDC વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી લાગેલાં રહસ્યમય હોર્ડિંગ્સ સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનોમાં ભારે ઉત્તેજના ઊભી કરી છે. સાયખા GIDC વિસ્તાર અને તેની આસપાસના પશુપાલકોને સંબોધીને લગાવવામાં આવેલા આ મોટા હોર્ડિંગમાં પશુ ચરાવવા તેમજ પશુપાલન સંબંધિત તમામ પ્રવૃત્તિઓ પર કડક શબ્દોમાં પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ હોર્ડિંગ્સ ખાસ કરીને સાયખા GIDCમાં આવેલ APL કંપનીના ગેટ બહાર, ભેરસમ ચોકડી તેમજ અન્ય મુખ્ય માર્ગો પર લગાડવામાં આવ્યા છે, જે આવતા-જતા લોકોમાં કુતૂહલ અને ચર્ચાનો વિષય બન્યા છે. હોર્ડિંગમાં જણાવવામાં આવ્યું છે કે, સાયખા ઔદ્યોગિક વિસ્તારમાં કેમિકલ અને હેવી એન્જિનિયરિંગ જેવા જોખમી ઉદ્યોગો કાર્યરત હોવાથી પશુઓ માટે આ વિસ્તાર સુરક્ષિત નથી. જો પશુપાલકો આ સૂચનાનું ઉલ્લંઘન કરી પશુ ચરાવશે અને તે દરમિયાન કોઈ પણ પ્રકારની દુર્ઘટના કે અનિચ્છનીય બનાવ બનશે, તો તેની સંપૂર્ણ જવાબદારી પશુપાલકની રહેશે. આશ્ચર્યજનક બાબત એ છે કે, આ લખાણમાં સ્પષ્ટપણે ચીમકી આપવામાં આવી છે કે આવી કોઈ પણ ઘટનામાં GIDC નિગમ, ઉદ્યોગ એકમો કે તેના કોઈપણ અધિકારીની કોઈ જ વ્યક્તિગત કે કાયદેસરની જવાબદારી રહેશે નહીં.

આ આખા મામલે સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે આટલું કડક લખાણ અને ગંભીર સૂચનાઓ હોવા છતાં, આ જાહેરનામું બહાર પાડનાર સત્તાધિકારી કે સંસ્થાનું નામ હોર્ડિંગ પર ક્યાંય પણ ઉલ્લેખિત નથી. સામાન્ય રીતે કોઈ પણ સરકારી કે અર્ધ-સરકારી જાહેરનામા માં જે-તે વિભાગ કે અધિકારીની મહોર અથવા નામ હોય છે, પરંતુ અહીં તેની ગેરહાજરી અનેક સવાલો ઉભા કરી રહી છે.

## અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસોસીએશન

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં સૂક્ષ્મ, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગો માટે અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસોસિએશન નામે પ્લોટ નં યુ-૫, જીઆઈડીસી અંકલેશ્વર ખાતે 10 MLD ક્ષમતા ધરાવતા કોમન એફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) ની સ્થાપના કરેલ છે. કુલ પ્લોટ એરિયા ૩૦,૧૫૮.૧૩ ચોરસ મીટર છે. જે પ્લોટ પ્રથમ નોટીફાઈડ એરિયા ઑથોરિટીના નામે હતો.

સંચાલકોના જણાવ્યા મુજબ અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસોસિએશન એ અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા પ્રમોટ કરાયેલી તેમજ કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ના સેક્શન-૮ અંતર્ગત રજિસ્ટર્ડ કંપની છે જે 'નહીં નફો નહીં નુકસાન' ના સિદ્ધાંત ઉપર કાર્યરત છે. તે અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના ઉદ્યોગો માટે સામાન્ય પર્યાવરણીય માળખાકીય સુવિધાઓ વિકસાવી તેનું સંચાલન કરશે.

ઉપરોક્ત દર્શાવેલ CETP પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વર્ષ ૨૦૧૯ માં ગુજરાત સરકારના તત્કાલિન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના હસ્તે થયું હતું. તેનું પ્રથમ અન્વારમેન્ટ ક્લિયરન્સ નોટીફાઈડ એરિયા એરિયા ઑથોરિટી (GIDC ) નામે લેવાયું હતું.


AWMA દ્વારા સ્થાપિત CETP પ્રોજેક્ટ માનનીય સુપ્રીમ કોર્ટ ના તા. ૨૨.૦૨.૨૦૧૭ ના ચુકાદાના પાલન અર્થે ઊભો કરવામાં આવેલ છે તેમજ સદર CETP એ ઔદ્યોગિક એકમ તેમજ હયાત NCTના FETP ની વચ્ચે ઊભી કરેલ સુવિધા છે જેના દ્વારા સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ નિર્દેશોનું પાલન થશે તેમજ NCTના FETP ના ઈનલેટ નૉર્મસ પણ જળવાઈ રહેશે.

સંચાલકોના જણાવ્યા મુજબ AWMA દ્વારા બાયોલોજિકલ પેટ્રોલિયમ કલિનિંગ લિમિટેડ-ઇઝરાયેલની પેટન્ટેડ અદ્યતન ઓટોમેટેડ કેમોસ્ટેટ બાયોરીએક્ટર ટેકનોલોજી વડે ૧૦ એમએલડી CETP સ્થાપિત કર્યું છે. આ CETP માત્ર અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના MSME ઉદ્યોગોના વેસ્ટવોટરના વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટે જ છે. High COD, High TDS અને એમોનિકલ નાઇટ્રોજન ધરાવતા વેસ્ટવોટરની બાયોલોજિકલ ટ્રીટમેન્ટ કરવામાં આવશે. શુદ્ધ થયેલ વેસ્ટવોટરને નર્મદા ક્લીન ટેક (એફઈટીપી)ના ઇનલેટ નોર્મ્સ મુજબ પાઇપલાઇન મારફતે એફઈટીપીમાં નિકાલ કરવામાં આવશે અને અંતે અરબી સમુદ્રમાં ૧૦ કિમી અંદર છોડવામાં આવશે.

આજ સુધી, AWMA દ્વારા આશરે ૫૩૦ સભ્ય ઉદ્યોગો પાસેથી INR 40 કરોડ જેટલી મૂડી રકમ તેમજ HDFC બેંક લિમિટેડ પાસેથી INR 70 કરોડ ટર્મ લોન એકત્રિત કરી પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બેંક દ્વારા ટર્મ લોન સામે હપ્તા કપાત પણ શરૂ કરવામાં આવી છે. CETP પ્રોજેક્ટ બાંધકામ તેમજ મશીનરીનું સ્થાપન AWMA દ્વારા જમીનની કિંમત સહિત ૧૦૦ કરોડ જેટલા ઊંચા ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે.

# આસામ પેટ્રોકેમિકલ્સ અને દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા ૧૨૦૦ કરોડના ખર્ચે ગુજરાતમાં ગ્રીન મિથેનોલ પ્લાન્ટ સ્થાપશે

આસામ પેટ્રોકેમિકલ્સ લિમિટેડએ દીનદયાળ પોર્ટ ઓથોરિટી સાથે ગુજરાતના કંડલા પોર્ટ ખાતે ગ્રીન ઈ-મિથેનોલ ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવા માટે સમજૂતી કરાર (MoU) કર્યો છે. આ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા દરરોજ ૧૫૦ ટન રહેશે અને પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ રૂપિયા ૧,૨૦૦ કરોડ છે. ગ્રીન ઈ-મિથેનોલ એક કાર્બન-ન્યુટ્રલ ઈંધણ છે, જે ગ્રીન હાઈડ્રોજન અને કેપ્ચર કરાયેલા કાર્બન ડાયોક્સાઈડ થી બનાવવામાં આવે છે. આ ઈંધણને ગ્રીન મેરિન ફ્યુઅલ તરીકે મહત્વ આપવામાં આવે છે તેમજ તે હેવી ઈન્ડસ્ટ્રીઝ અને કેમિકલ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રોમાં પણ વ્યાપક ઉપયોગી છે. આ MoUઆસામના દિબ્રુગઢ ખાતે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા અને સર્બાનંદ સોનોવાલની હાજરીમાં સહી કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ માટે APL અને DPA દ્વારા સંયુક્ત રીતે રૂપિયા ૧,૨૦૦ કરોડથી વધુનું મૂડીરોકાણ કરવામાં આવશે અને અંદાજે ૩,૫૦૦ સીધી તથા પરોક્ષ રોજગારીના અવસરો ઉભા થશે. MoU સહી સમારોહ દરમિયાન મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ જણાવ્યું કે આ કરાર APL ને આસામની બહાર તેના કારોબારનો વિસ્તાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ તક આપશે. DPA પોર્ટ આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવશે, જ્યારે APL પોર્ટ પરિસરમાં ગ્રીન મિથેનોલ ઉત્પાદન સુવિધા સ્થાપિત કરશે. તેમણે વધુમાં જણાવ્યું કે શિપિંગ ક્ષેત્રમાં ગ્રીન મિથેનોલની માંગ સતત વધી રહી છે. હાલ આસામમાં નેચરલ ગેસ આધારિત મિથેનોલ ઉત્પાદન થાય છે, પરંતુ ગુજરાતમાં સોલાર ઊર્જા આધારિત ઉત્પાદન કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનવાલે જણાવ્યું કે આ પ્રોજેક્ટ ભારતના મેરિટાઈમ ડિકાર્બોનાઈઝેશન લક્ષ્યો તરફ મહત્વપૂર્ણ પગલું છે. આ પહેલ આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગો, ખાસ કરીને સિંગાપુર—રોટરડેમ કોરિડોર પર ગ્રીન શિપિંગને પ્રોત્સાહન આપશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ કંડલા પોર્ટ એક મહત્વપૂર્ણ ગ્રીન ફ્યુઅલ હબ તરીકે ઉભરશે અને ભારતના સ્વચ્છ ઉર્જા પરિવર્તનમાં આસામની ભૂમિકા વધુ મજબૂત બનાવશે.




ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com



Authorised Dealer:
SPITMAAN® Sealflex™ Jointing Sheet
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# લઘુ ઉદ્યોગ ભારતીના પ્રયત્નોથી મિથાઈલ અને ઈથાઈલ આલ્કોહોલના ઉત્પાદન સાથે સંકળાયેલ ઉદ્યોગોને PESO પરમિટ રિન્યુઅલમાં રાહત



લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા સતત કરવામાં આવતા પ્રયાસો અને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતોને પગલે વધુ એક સફળતા મળી છે.

રાજ્ય સરકારે ૧૭ માર્ચે એક પરિપત્ર જારી કરીને ગુજરાતના૪૦૦૦ અને ભરૂચ જિલ્લાના ૪૦૦ જેટલા નાના આલ્કોહોલ ઉદ્યોગો ને મોટી રાહત આપી છે. આ પરિપત્રથી મિથાઈલ અને ઈથાઈલ આલ્કોહોલના ઉત્પાદન સાથે સંકળાયેલ ઉદ્યોગોને પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ સેફટી ઓર્ગેનાઈઝેશન (PESO) પરવાના માંથી મુક્તિ મળી છે.

આ રાહત મેળવવા માટે લઘુ ઉદ્યોગ ભારતીની ટીમ દ્વારા નાયબ મુખ્યમંત્રી, મુખ્યમંત્રી તેમજ રાજ્યના નશાબંધી અને આબકારીના અધિક્ષકની કચેરીએ રજૂઆતો કરવામાં આવી હતી. સંગઠનના આ દ્રઢ પ્રયાસોના પરિણામે જ સરકારે આ મુદ્દાને ગંભીરતાથી લીધો અને ઉદ્યોગકારોને મોટી રાહત આપી છે. સત્તાવાર પરિપત્રમાં મુદ્દા નં.૫ અને ૬માં લઘુ ઉદ્યોગ ભારતીનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેને આ સફળતા મળી છે. લઘુ ઉદ્યોગ ભારતી, ભરૂચ જિલ્લાના મહામંત્રી વિશિત પટેલે જણાવ્યું હતું કે, આ સમગ્ર પ્રક્રિયામાં લઘુ ઉદ્યોગ ભારતીના માર્ગદર્શક ડૉ.બલદેવભાઈ પ્રજાપતિજી (પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ), ઈશ્વરભાઈ પટેલ (પ્રમુખ-ગુજરાત પ્રદેશ), કમલેશભાઈ ગામી (સંયુક્ત સચિવ-ગુજરાત પ્રદેશ) અને રમેશભાઈ ચોડવડિયા (પ્રમુખ-ભરૂચ જિલ્લા) તેમજ સમગ્ર ટીમના સતત પ્રયત્નો રહ્યા છે.

અગાઉ, પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ સેફટી ઓર્ગેનાઈઝેશન એક્ટ મુજબ આલ્કોહોલના સંગ્રહ માટે આજુબાજુ ૭-૭ મીટર જગ્યા રાખવાની જોગવાઈ હતી. મોટાભાગના નાના ઉદ્યોગો પાસે આટલી જગ્યા ઉપલબ્ધ ન હોવાથી, તેમને પરવાના રીન્યુ કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

આ કારણે અંકલેશ્વર સહિત ભરૂચ અને રાજ્યભરના અનેક ઉદ્યોગો બંધ થવાની અણી પર હતા.

લઘુ ઉદ્યોગ ભારતીના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ બળદેવ પ્રજાપતિએ આ મુદ્દે ઓક્ટોબર મહિનાથી રાજ્ય સરકારમાં રજૂઆતો. શરૂ કરી હતી. તેમને જણાવ્યું હતું કે ૧૯૯૦-૯૨ ની આસપાસ કાર્યરત થયેલ ઉદ્યોગો ૭૦૦ ચોરસ મીટરથી ૨૦૦૦ ચોરસ મીટર જગ્યામાં કાર્યરત હોવાથી તેમના માટે આટલી જગ્યા ઉપલબ્ધ હોવી કઠિન છે. તેથી રાજ્યને કેન્દ્રમાં રજૂઆતો કરીને તેમનો પ્રશ્ન હાલ કર્યો છે.

અગાઉ પણ ઈલેકટ્રીસિટી માટે એલટી કનેક્શન માટે 100 KVA ની મર્યાદા હતી તે વધારીને 150 KVA કરવાની લઘુ ઉદ્યોગ ભરતીની રજૂઆતને પગલે સફળતા મળી હતી.

લઘુ ઉદ્યોગોના પ્રશ્નોના ઉકેલ માટે અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે લઘુ ઉદ્યોગ ભરતી હંમેશા તત્પર રહે છે.

## ETL એ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂટિન ૫ ટકાનો વધારો મોકૂફ રાખ્યો



અંકલેશ્વરના એસ્ટેટના સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝના ઉદ્યોગકારો માટે ઉનાળાની ગરમીમાં ઠંડક આપે તેવા સમાચાર આવ્યા છે.ણવીરો ટેકનોલોજી લિમિટેડ(ETL) દ્વારા દર નાણાકીય વર્ષમાં ઈફ્લ્યુએન્ટ ટ્રીટમેન્ટ ચાર્જમાં ભાવમાં ૫ ટકાનો વધારો કરાય છે તે આગામી નાણાકીય વર્ષ૨૦૨૬-૨૭ માટે નહિ કરવાનો નિર્ણય લેવાયો છે.

ઉદ્યોગકારોની લાંબા સમયથી ચાલતી માંગ અને અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલભાઈ જેઠવા દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને ઉદ્યોગજગતમાં સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.


જો કે ETL દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ ૫% ચાર્જમાં રાહત ફક્ત નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ વર્ષ માટે જ લાગુ રહેશે અને તેને ભવિષ્ય માટે કોઈ નીતિગત પરંપરા તરીકે માનવામાં આવશે નહીં.

કંપનીના મુખ્ય કાર્યકારી અધિકારી બી.ડી. દલવાડીએ જણાવ્યું હતું કે, “સભ્યોના સહકાર અને વિશ્વાસના કારણે કંપનીનું સંચાલન સુચારૂ રીતે ચાલી રહ્યું છે. ભવિષ્યમાં પણ ઉદ્યોગોનો સહયોગ યથાવત્ રહેશે તેવી આશા છે.” અત્યારે કેમિકલ ઉદ્યોગો માટે સંઘર્ષનો સમય છે તેવામાં આ રાહત રણમાં લીલુંછમ ઝાડ નીચે બેસવાથી જેવી રાહત થાય તેવી રાહત ઉદ્યોગકારો અનુભવી રહ્યા છે.

## અંકલેશ્વર ખોડલધામ સમિતિ દ્વારા ચૈત્ર સુદ આઠમના દિવસે ૬૭૫ સર્વ જ્ઞાતીની દિકરીઓનું ગોયણી પુજન અર્ચન, ભોજન પ્રસાદ,દક્ષિણા કાર્યક્રમનું આયોજન કરાયું








ચૈત્રી નવરાત્રિના અષ્ટમીના રોજ ૨૬ માર્ચે ખોડલધામ સમિતિ અંકલેશ્વર દ્વારા નાની દિકરીઓ ગોયણી પુજન અર્ચન, ભોજન પ્રસાદ,દક્ષિણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૬૭૫ સર્વ જ્ઞાતીની દિકરીઓ ઉપસ્થિત રહેલ અને માં ભગવતી ખોડલ અને રાજા રામના રામનવમી ની ભવ્ય ઉજવણીમાં ભગવતી ખોડલની આરતી, પ્રભુ શ્રીરામની આરતીથી ભક્તિ ભાવ સાથે શરુઆત કરેલ. જેમા ૬૭૫ દિકરીઓ ગોયણીનૂ પુજન અર્ચન ભોજન પ્રસાદ, દક્ષિણાનુ સુદ્રઢ આયોજન અંકલેશ્વર સરદાર ભવન પર કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહામંડલેશ્વર ૧૦૦૮ મહંત શ્રી ગંગાદાસ બાપુ રામકુડ અને ખોડલધામ ટ્રસ્ટ કાગવડ ટ્રસ્ટીઓ, ઝોન અધ્યક્ષ ભરતભાઈ પટેલ, ટ્રસ્ટીઓ પંકજભાઈ ભુવા, મનસુખભાઈ રાદડીયા, ખોડલધામ ભરૂચ જિલ્લા સમિતિ જિલ્લા કન્વીનર જયશીલભાઈ પટેલ અને સહકન્વીનર નિતીનભાઈ સાવલીયા પણ આ કાર્યક્રમમા ઉપસ્થિત રહ્યા હતા.

ખોડલધામ સમિતિ અંકલેશ્વર, ખોડલધામ મહિલા સમિતિ અંકલેશ્વર, ખોડલધામ યુવા સમિતિ (KDYS) અંકલેશ્વરસભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. ખોડલધામ સમિતિ અંકલેશ્વર આયોજીત આ ગોયણી પુજન અર્ચન કાર્યક્રમમા શ્રી મંગલમ? પરિવારનો અનન્ય સહયોગ પ્રાપ્ત થયેલ. સમગ્ર આયોજનમા ખોડલધામ સમિતિ અંકલેશ્વરના સ્વયંસેવક બંધુઓ ખૂબ જ વ્યવસ્થિત વ્યવસ્થા કરેલ ખોડલધામ મહિલા સમિતિ અંકલેશ્વરના બહેનોએ પણ ખૂબ સુંદર માઈક્રો પ્લાનિંગ કરી ને સુદ્રઢ આયોજન કરેલ. સૌના સહિયારા સાથથી કાર્યક્રમ સફળ થયો હતો.















માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002

